# રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર–૪૬/૨૦૧૫

## //આંક–૫ ની અરજી તળે હુકમ//

(૦૧)..વાદીએ હાલની આંક–૫ ની અરજી દાવો ચાલતા દરમ્યાન કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે.અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ–વાડીયા,તાલુકો આમોદ,જીલ્લો–ભરૂચની સીમમાં તથા વસ્તી મધ્યે મિલકતો આવેલી છે.જેની વિગતો નીચે મુજબની છે.

| લોટ | ખાતા નંબર | બ્લોક/સર્વે નંબર | હેકટર–આરે | આકાર રૂપિયા–પૈસા |
|---|---|---|---|---|
| **અ** | ૭૪ | ૯૧ | ૪–૭૬–૫૨ | ૩૨–૭૫ |
| | | ૧૩૯/૧ | ૪–૦૮–૦૮ | ૨૭–૪૫ |
| | | ૧૫૬ | ૧–૬૧–૮૭ | ૧૦–૬૨ |
| | | ૧૮૭ | ૧–૨૬–૪૭ | ૮–૮૭ |
| | | ૨૫૬ | ૨–૩૮–૭૭ | ૧૨–૮૭ |
| **લોટ–બ** મોજે –વાડીયા,તાલુકો આમોદ,જીલ્લો–ભરૂચની વસ્તી મધ્યે નવી વસાહતમાં અનુક્રમ નંબર–૮૪ નું ઘર આવેલ છે. | | | | |

ઉપરોકત મિલકતના માલીક અને કબજેદાર દિપાભાઇ મેઘાભાઇ વસાવા હતા.તેઓએ આ મિલકત વસાવેલી.આ મિલકતના મુળ ઠાકોરસાહેબની હતી અને તેઓ તરફથી આ મિલકતો મળલી. દિપાભાઇ મેઘાભાઇએ વાદીને સને–

૧૯૭૪ની સાલની જુલાઇ ના રોજ એક વિલ કરી આપેલ જે વિલ રજીસ્ટ્રર કરવામાં આવેલું.દિપાભાઈ મેઘાભાઇએ સમજી વિચારીને પોતાની તનમનની સારી સ્થિતિમાં વીલ કરી આપેલું અને તેના ઉપર તેઓએ અંગુઠો કરેલો અને શાખો કરનારે તેઓના કહેવાથી શાખો કરેલ અને વાદિના જાણ મુજબ દિપાભાઇ મેઘાભાઈના અંગુઠાની શાખો કરનાર ગુજરી ગયેલા છે અને તે વિલ રજીસ્ટ્રર થયેલ છે અને તેમાં જણાવેલ મિલકતના વારસ વાદીને ઠરાવેલ છે અને વાદીના છોકરા નાન હોય અને વાદિ અભણ હોય અને દિપાભાઇ મેઘાભાઈ તારીખ ૨૬–૧૧–૧૯૭૪ના રોજ ગુજરી ગયેલા છે અને તેઓએ પોતાની તનમનની સારી સ્થિતિમાં સમજી વિચારીને  તારીખ ૨૬–૧૧–૧૯૭૪ ના રોજ વિલ કરી આપેલ છે અને  તે વિલ તેમના મરણ પછી રજીસ્ટ્રર થયેલ છે પરંતુ વાદી અભણ હોવાના કારણે તે વિલની એન્ટ્રી કરાવી શકેલ નથી અને વિલ કરનારના મૃત્યુ પછી તેઓ વાદી મિલકતના માલીક બનેલા પરંતુ ચંદુભાઇએ વાદીની અજ્ઞાનતાનો લાભ લઇ તેઓએ મિલકત પોતાનાનામે કરાવી લીધેલ અને ત્યાર બાદ ચંદુભાઇ ગુજરી જતા પ્રતિવાદીઓના નામ દાખલ થયેલા અને પ્રતિવાદિઓઆ મિલકતોના માલિક અને કબજેદારનથી.વિલના આધારે માલીક અને કબજેદાર વાદિ છે અને ખોટી રીતે નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવાથી કોઇ માલીક બની જતા નથી.પ્રતિવાદિઓએ ખોટી એન્ટ્રી પડાવેલ છે તેની કોઇ નોટીસ વાદીને આપવામાં આવેલ નથી.તેથી તેવી નોંધ વાદીને બંધન કરતા નથી અને તેઅંગે વાદીને જાણ થતા જુન–૨૦૧૨માં નકલો કઢાવેલી અને પ્રતિવાદિઓના નામ ખોટી રિતે દાખલ કરેલ છે અને તેથી વાદીએ પ્રતિવાદિઓ ને તારીખ ૦૧/૦૯/૨૦૧૩ના રોજ કબજાની માંગણી કરતા ઇન્કાર કરેલો અને

મિલકત તબદિલ કરી દેવાની ધમકિ આપેલી તેવા કારણોસર આ દાવો અને હાલની અરજી દાવો ચાલતા દરમ્યાન કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે દાખલ કરેલાનું જણાવેલ છે.

વધુમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે,બેલેન્સ ઓફ કન્વીન્યન્સ તેમજ ઈરીપેબલ લોસનો મુદ્દો પણ તેઓ વાદીના લાભમાં છે તેવું જણાવીને એવી દાદ માંગેલ છે કે,(અ)પ્રતિવાદીઓ જાતે અગર તેના માણસો કે એજન્ટો કે કુલમુખત્યાર મારફતે પેરા–૧માં જણાવેલી મિલકતો કોઇને કોઇપણ રીતે તબદીલ કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઇ હુકમ ફરમાવશોજી(બ)આ દાવા નો તમામ ર્ખચ પ્રતિવાદીઓ પાસેથી અપાવશો(ક)નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી દાદ અપાવશો તેવી દાદ માગેલ છે.

(૦૨)..આ કામના વાદીની હાલની અરજીના સંદર્ભે અરજન્ટ કારણ દર્શક નોટીસ પ્રતિવાદીઓને કાઢવામાં આવેલ છે અને જે બજી જતાં પ્રતિવાદીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૧૭થી વાદીની દાવા અરજી તથા દરમ્યાન મનાઇ અરજીનો સંયુકત રીતે જવાબ રજુ રાખીને વાદીની દાવા અરજી તથા દરમ્યાન મનાઇ અરજીનો મહંદશે ઇન્કાર કરેલ છે અને ખરી હકીકત તરીકે એવી હકીકત જણાવેલ છે કે,મોજે વાડીયા તાલુકો–આમોદની સીમમાં ખાતા નંબર–૭૪થી દિપાભાઇ મેઘાભાઇ વસાવાની જમીનો આવેલી હતી.તેઓ ભણેલાહતા.સહી કરતા હતા અને તારીખ૨૬–૧૧–૧૯૭૪ ના રોજ ગુજરી ગયેલા અને તેઓના ગુજરતા તેમના દિકરા ચંદુભાઇ દિપા ભાઇ

તથા દિકરીઓ કંકુબેન દિપાભાઇ,કુલીબેન દિપાભાઇ,કાશીબેન દિપભાઇ તથા બચજીબેન દિપાભાઇ માલીકબનેલા તઓએ વારસાઇ કરાવવા અરજી,પંરકચાસ તથા જવાબોના આઘારે નોંઘ નંબર ૧૫૦૯થી વારસાઇ થયેલ અને તે નોંઘ તારીખ ૦૪–૧૦–૧૯૭૫ નાં રોજ મંજુર થયેલ અને ત્યારબાદ દિપાભાઇ મેઘાભાઇ ગુજરતા દિપાભાઇ મેઘાભાઇ ની દિકરીઓએ રાજીખુશીથી હક્ક ઉઠાવી લીઘેલ અને તે અંગેની નોંઘ નંબર ૧૫૧૦ તારીખ ૨૯–૦૫–૧૯૭૫ના રોજ પડેલી અને ત્યારબાદ તે નોંઘ તારીખ ૦૪–૧૦–૧૯૭૫ ના રોજ મામલતદારશ્રીએ હુકમ કરીને તે નોંઘ મંજુર કરેલ તે હુકમની વિરૃઘ્ઘ કોઇ અપીલ કે રીવીઝન દાખ થયેલ નથી અને તે વખતે વાદીએ કોઇ વિરૃઘ્ઘની હકીકત જણાવેલ નથી અને વર્ષો પછી વિલના આઘારે મિલકતના માલીકી હકકની તકરાર લઇ શકાય નહી.વાદીને જાણ અને માહીતીમાં છેલ્લા ત્રીસ વર્ષ ઉપરથી પ્રતિવાદિઓનો કબજો આવેલ છે અને વાદીએ સને–૧૯૭૫નું વિલ રજીસ્ટ્રરની કાર્યવાહી સને–૧૯૭૬માં કરાવેલ છે.તેવા સંજોગોમાં દાવાને મુદત્તનો બાઘ નડે છે અને પક્ષકારો વસાવા જ્ઞાતિના હોય જેથી તેઓને હિન્દુ કાયદો લાગુ પડતો નથી અને સમાજના રીત રીવાજો લાગુ પડતા હોય તે રિતરીવાજ મુજબ દિકરીને કોઇ હક્ક મળે નહીં અને વસાવા જ્ઞાતિમાં વીલ યાને વસીયતનામું કાયદેસર નથી અને વિલ કરનાર સહીં કરતા હોય વીલમાં અંગુઠો દર્શાવેલ છે અને અંગુઠાની ઓળખ આપનાર કોઇ ચંદુભાઇ પટેલ સહી છે અને વિલના સાક્ષીઓ પક્ષકારની જ્ઞાતિના નથી પરંતુ મુસ્લિમ જ્ઞાતિના છે અને આવું ખોટું વિલ સાચું ઠરાવવા માટે વાદી બોન્ડ રાઇટર મગનભાઇ પાનાચંદ સાથે મળી જઇ વિલ ગુજરનારનું ખોટું વિલ રજીસ્ટ્રર કરાવેલ છે અને વાદીએ પોતાનો

હક્ક જતો કરેલ છે.જેથી તેઓને એસ્ટોપલનો બાધ નડે છે.વાદીએ દાવામાં એક બાજુ પોતાની માલીકી અને કબજેદાર હોવાનુ જણાવેલ છે.જયારે બિજી બાજુ કબજાની માંગણી કરેલ છે.તેવુ જણાવી વાદીનો દાવો તથા મનાઇ અરજી રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

(૦૩)..વાદીની તર્ફેથી આ અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| વાદીની તર્ફેથી આ અરજીના સમર્થનમાં આંક–૦૩ ના દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અનુક્રમ નંબર | નિશાની | વિગત |
| ૦૧ | ૦૩/૦૧ | વાદિ તર્ફેથી અનુસુચિત જનજાતિનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે.તારીખ– ૦૧–૦૮–૨૦૧૩ |
| ૦૨ | ૦૩/૦૨ | વાદિ તર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ ખાતા નંબર–૭૪ના ૮–અ ના ઉતારા ની નકલ રજુ થયેલ છે.તારીખ– ૧૦–૦૩–૨૦૧૧ |
| ૦૩ | ૦૩/૦૩ | વાદિ તર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર ૯૧ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે.તારીખ– ૧૦–૦૩–૨૦૧૧ |
| ૦૪ | ૦૩/૦૪ | વાદિ તર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૬૪ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૪૬–૫૫ |
| ૦૫ | ૦૩/૦૫ | વાદિ તર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૬૪ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૫૬–૬૬ |

| | | |
|---|---|---|
| ૦૬ | ૦૩/૦૬ | વાદિ તર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૬૪ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૬૭ –૭૪ |
| ૦૭ | ૦૩/૦૭ | વાદિ તર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો– ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૬૪ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૭૫ –૮૧ |
| ૦૮ | ૦૩/૦૮ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૯૧ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૨ –૮૭ |
| ૦૯ | ૦૩/૦૯ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૯૧ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૭–૯૬ |
| ૧૦ | ૦૩/૧૦ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૯૧ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૯૬–૦૪ |
| ૧૧ | ૦૩/૧૧ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો –ભરૂચની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર ૧૩૯ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે.તારીખ– ૨૯–૦૬–૨૦૧૨ |
| ૧૨ | ૦૩/૧૨ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૧૦૮ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૪૬–૫૫ |
| ૧૩ | ૦૩/૧૩ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૧૦૮ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૫૫–૬૬ |
| ૧૪ | ૦૩/૧૪ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૧૦૮ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૬૭–૭૬ |
| ૧૫ | ૦૩/૧૫ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૧૦૮ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૭૭–૮૧ |

| | | |
|---|---|---|
| ૧૬ | 03/૧૬ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૩૯ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૨–૮૭ |
| ૧૭ | 03/૧૭ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૩૯ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૮–૯૬ |
| ૧૮ | 03/૧૮ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૩૯ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૯૭–૦૩ |
| ૧૯ | 03/૧૯ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો –ભરૂચની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર–૧૫૬ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે.તારીખ–૨૯–૦૬–૨૦૧૨ |
| ૨૦ | 03/૨૦ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૦૫ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૪૭–૫૫ |
| ૨૧ | 03/૨૧ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૦૫ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૫૬–૬૬ |
| ૨૨ | 03/૨૨ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૦૫ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૬૭–૭૬ |
| ૨૩ | 03/૨૩ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૦૫ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૭૭–૮૩ |
| ૨૪ | 03/૨૪ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૫૬ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૨–૮૬ |
| ૨૫ | 03/૨૫ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૫૬ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૭–૯૬ |
| ૨૬ | 03/૨૬ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૫૬ ની ૭ અને |

| | | |
|---|---|---|
| | | ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૯૭–૦૩ |
| ૨૭ | ૦૩/૨૭ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો –ભરૂચની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર–૧૮૭ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે.તારીખ–૧૦–૦૩–૨૦૧૧ |
| ૨૮ | ૦૩/૨૮ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૪૧ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૫૫–૬૬ |
| ૨૯ | ૦૩/૨૯ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૪૧ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૬૭–૭૬ |
| ૩૦ | ૦૩/૩૦ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૪૧ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૭૭–૮૨ |
| ૩૧ | ૦૩/૩૧ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૮૭ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૨–૮૭ |
| ૩૨ | ૦૩/૩૨ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૮૭ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૬–૯૬ |
| ૩૩ | ૦૩/૩૩ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૧૪૧ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૯૬–૦૩ |
| ૩૪ | ૦૩/૩૪ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો –ભરૂચની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર–૨૫૬ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે.તારીખ–૨૯–૦૬–૨૦૧૧ |
| ૩૫ | ૦૩/૩૫ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૨૧૨ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૫૫–૬૬ |
| ૩૬ | ૦૩/૩૬ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ  સર્વે નંબર ૨૧૨ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૬૭–૭૬ |

| | | |
|---|---|---|
| ૩૭ | ૦૩/૩૭ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૨૧૨ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૭૭–૮૧ |
| ૩૮ | ૦૩/૩૮ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૨૫૬ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૨–૮૭ |
| ૩૯ | ૦૩/૩૯ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૨૫૬ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૮૮–૯૬ |
| ૪૦ | ૦૩/૪૦ | વાદિતર્ફેથી મોજે ગામ–વાડીયા–તાલુકો–આમોદ., જીલ્લો – ભરૂચની સીમમાં આવેલ સર્વે નંબર ૨૫૬ ની ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ થયેલ છે. સને–૧૯૯૭–૦૩ |
| ૪૧ | ૦૩/૪૧ | વાદિ તર્ફેથી મોજે ગામ–વાડીયાની મિલક્ત નંબર–૮૪ આકારણી પત્રકની નકલ રજુ થયેલ છે. |
| ૪૨ | ૦૩/૪૨ | વીલ યાને વસીયતનામાની નકલ રજુ થયેલ છે. તારીખ ૦૬/૦૧/૧૯૭૫ |

આ સિવાય વાદી તર્ફેથી અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

જયારે આ કામના પ્રતિવાદીઓ તર્ફેથી આંક–૨૧ ના દસ્તાવજી લીસ્ટથી નિશાની ૨૧/૦૧ થી નોંધ નંબર ૧૫૦૯ ગામ નમુના નંબર–૬માં પાડવામાં આવેલ નોંધ નંબરની નકલ રજુ થયેલ છે જયારે નિશાની ૨૧/૦૨ થી નંબર ૧૫૧૦ ગામ નમુના નંબર–૬માં પાડવામાં આવેલ નોંધ નંબરની નકલ રજુ થયેલ છે આ સિવાય પ્રતિવાદીઓ તર્ફેથી અન્ય કોઇ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

(૦૪)..આ કામે વાદી તર્ફેથી વિધ્વાન વકીલશ્રી એમ.આઇ.દોલા એવી દલીલ કરેલ છે કે,વાદીના લાભમાં તેમના પિતાએ વિલ કરી આપેલ છે અને તે વીલ

રજીસ્ટ્રર થયેલ વિલ છે અને વિલ કરી આપનાર દિપાભાઇ મેઘાભાઇ ગુજરી જતા સને–૧૯૭૫ સાલમા વિલ થયેલ છે અને જયારે ૧૯૭૬માં વિલ રજીસ્ટ્રર થયેલ છે અને રેવન્યુ રેકર્ડમાં ખોટી રીતે પ્રતિવાદીઓના નામ ચાલે છે અને આંક ૫ જોતા પ્રતિવાદિઓ મિલકત તબદિલ કરે કરાવે નહી તેવી દાદ માંગેલ છે અને મનાઇ હુકમ માટેના ત્રણે પરીબળો વાદી તર્ફેથી છે તેવા સંજોગોમાં માંગ્યા મુજબની કામચલાઉ મનાઇ અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

જયારે આ કામે સામા પક્ષેથી પ્રતિવાદીઓ તર્ફેથી વિદ્વાન વકીલશ્રી એન.એચ.પટેલ એવી રજુઆત કરેલ છે.જેમાં એવી દલીલો કરેલ છે કે,વાદીની હકીકતો મુજબ તેઆના પિતાએ તેઓના લાભમાં વીલ કરી આપેલ પરંતુ વાદી ના પિતા સને–૧૯૭૪નાં રોજ ગુજરી ગયેલા છે તેવું વાદીની કથન છે.જયારે કહેવાતું સને–૧૯૭૬ માં  વિલ કરનાર ગુજરી ગયા પછી વિલ રજીસ્ટ્ર થયેલ છે.જે તે વખતે વારસાઇ થયેલ અને ત્યારે વાદીએ તેઓનો હક્ક રાજીખુશીથી જતો કરેલ જે બાબતેની નોંધ નંબર–૧૫૧૦ની નિશાની ૨૧/૨ થી રજુ થયેલ છે તે નોંધને વાદીએ આજદિન સુધી પડકારેલ નથી અને જે વિલ કરનાર દિપાભાઇ મેઘાભાઇ ગુજરી ગયાબાદ તેમના પુત્ર ચંદુભાઇ દિપાભાઇના નામે વારેસ થયેલ અને ચંદુભાઇ દિપાભાઇ ગુજરી ગયા પછી તેમના વારસ તેમના વારસાઇ હકકે માલીક અને કબજેદાર બનેલા ચંદુભાઇની સામે પણ વાદિએ કોઇ કાર્યવાહી કરેલ નથી અને વાદિનો દાવો જોતા તેમણે કબજો મેળવવા માટે દાવો કરેલ છે.જે ઉપરથી વાદીનો સ્થળ ઉપર કોઇ કબજો નથી.જો વાદિ ખરેખર માલીક બનેલા હોય તો ચાલીસ વર્ષ સુધી શું કામ કોઇ કાર્યવાહિ કરેલ નથી તે

અંગેનું કોઇ કારણ જણાવેલ નથી અને પ્રતિવાદીઓની તર્ફેણમાં રેવન્યું નોંધ કાયદેસરની કાર્યવાહી કરીને પાડેલ છે.વાદિએ પોતાનો હકક સ્વૈચ્છાએ જતો કરેલ છે ઉલટાનું બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૧૩૫ જે મુંજબ જયાં સુંધી ખોટી છે તેવું પુરવાર કરવામાં ન આવે ત્યાંસુધી તે સાચી હોવાનું માનવાનું રહે છે અને તે રીતે પ્રતિવાદીઓ કાયદેસરના માલીક અને કબજેદાર બનેલ છે તેમની વિરૂધ્ધ ખોટો દાવો કરેલ હોય જેથી હાલની દરમ્યાન મનાઇ અરજી ખર્ચ સંહિત રદ્ધ કરવા અરજ ગુજારેલ છે.

(૦૫)..વાદી તર્ફેથી રજુ થયેલ હાલની અરજી,પ્રતિવાદીઓ તર્ફેથી રજુ થયેલ જવાબ તથા બન્ને પક્ષકારો તર્ફેથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને બન્ને પક્ષકારો તર્ફેથી રજુ થવા પામેલ રજુઆત ઘ્યાને લેતા આ અરજીના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

## **//મુદ્દાઓ//**

મુદ્દા નંબરઃ–૦૧ શું વાદી પુરવાર કરે છે કે,તેઓનો પ્રથમદર્શનીય કેસ છે.?

મુદ્દા નંબરઃ–૦૨ શું વાદી સાબિત કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સનો મુદ્દો વાદીના લાભમાં છે.?

મુદ્દા નંબરઃ–૦૩ શું વાદી પુરવાર કરે છે કે,માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ના આવે તો તેનાથી નાણાંથી ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન જાય

તેમ છે.?

મુદ્દા નંબર:–૦૪ આખરી શું હુકમ.?

(૦૬)..ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે અનુસારના છે.

## //નિર્ણયો//

મુદ્દા નંબર:–૦૧ નકારમાં

મુદ્દા નંબર:–૦૨ નકારમાં

મુદ્દા નંબર:–૦૩ નકારમાં

મુદ્દા નંબર:–૦૪ આખરી હુકમ મુજબ.

(૦૭)..ઉપરોક્ત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે અનુસારના છે.

## //કારણો//

**મુદ્દા નંબર– ૧ થી ૩ ની ચર્ચા એકસાથે ::–**

(૦૮)..ઉપરોક્ત મુદ્દા પૈકીના મુદ્દા નંબર–૦૧ થી ૦૩ એકબીજા સાથે પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઇ,જેથી પુનરાવર્તન ટાળવા ત્રણે મુદ્દાઓની એક સાથે ચર્ચા કરૂં છું.

(૦૯)..એક બાબતની ચર્ચા કરવી ઉચિત જણાય છે કે,આંક–૫ ની મનાઈ અરજી એટલે કે,કામચલાઉ મનાઇ હુકમની અરજીના નિર્ણય કરતા સમયે કોઇ પણ દસ્તાવેજનું તલસ્પર્શી અભ્યાસ કરવાનો રહેતો નથી પણ રજુ થયેલા દસ્તાવેજી પુરાવાથી વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સનો મુદ્દો વાદીના લાભમાં છે કે કેમ અને મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઇ ન થાય તેવું અનિવાર્ય નુકશાન જાય છે કેમ તેટલા મુદ્દા પુરતું જ દસ્તાવેજનું મુલ્યાંકન કરવાનું રહે છે અને જયારે જાહેર હિતની બાબતે હોય ત્યારે એકવધારાનો મુદ્દો ધ્યાનમાં રાખવાનો રહે છે કે,ખાનગી હિતને પ્રાધાન્ય આપવું જોઇએ અને તે બાબતોને ધ્યાને લઇને તેટલા પુરતા દસ્તાવેજોને ધ્યાને લેવામાં આવેલા છે.

(૧૦)..આ કામના વાદીની દાવા હકીકત જોતા તેમના પિતા દિપાભાઇ મેઘાભાઇએ હતા અને તેઓએ દાવાવાળી મિલકતનું એક વિલ તારી ૨૪–જુલાઇ–૧૯૭૪ના રોજ કરી આપેલ અને ત્યારબાદ તેમના પિતા તારીખ ૨૬–૧૧–૧૯૭૪ નાં રોજ ગુજરી ગયેલા છે તેવું જણાવેલ છે અને તેમના મૃત્યુ બાદ વીલ રજીસ્ટ્ર કરાવેલ છે તેવું જણાવેલ છે.જે ઉપરથી વિલનું રજીસ્ટ્રેશન વિલ કરનાર ગુજરી ગયા પછી થયેલ છે.તે નિર્વિવાદિત હકીકત છે.આ કામે નિશાની ૨૧/૦૨ થી રજુ થયેલ નોંધ નંબર–૧૫૧૦ જોતા તે તારીખ ૧૯–૦૫–૧૯૭૫ ના રોજ પડેલ હોવાનું જણાય છે અને તે નોંધ દાવાવાળી મિલકતમાંથી વાદીની સંમતિથી ગુજરનાર દિપાભાઇ મેઘાભાઈની તમામ દિકરીઓએ હક્ક, હિસ્સો ઉઠાવી લીધેલ હોય તેવું જણાય છે અને વાદિએ પોતે રજુ કરેલ નિશાની ૦૩/

૦૨થી નિશાની ૦૩/૪૦ના રેવન્યુ રેકર્ડમાં સ્પષ્ટપણે દિપાભાઇ મેઘાભાઈ ગુજરીગયા બાદ પ્રતિવાદીઓના પિતા ચંદુભાઇ દિપાભાઇમાલીક અને કબજેદાર બનેલા અને ચંદુભાઇ દિપાભાઇ ગુજરી જતા ચંદુભાઇ વારસો માલીક અને કબજેદાર બનેલ હોય તેવું જણાય આવે છે અને વાદીએ પોતે પણ દાવાની દાદમાં દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદીઓની પાસેથી મેળવવા માટે દાદ માંગેલ છે.જે જોતા સ્પષ્ટપણે દાવાવાળી મિલકતનો કબજો પ્રતિવાદીઓની પાસે હોય તેવું જણાય છે.જો વાદી તર્ફેથી વિલ કરવામાં આવેલ હોય તો ગુજરનારના ગુજરી ગયા તે વખતે તે બાબતે હક્ક દાવો કરેલ હોય જયારે વાદિએ ગુજરનાર ગુજરી ગયા પછી વિલ રજીસ્ટ્ર કરાવેલ છે.જો વાદી ગુજરનાર ગુજરી ગયા બાદ વિલ રજીસ્ટ્રર કરાવી શકયા હોય તો તેઓ ચોક્કસ પણ પોતાનું નામની નોંધ પણ કરાવી શકેલ હોય પરંતુ આવું બની શકેલ નથી.માની લઇ કે વાદી અભણ હોવાના કારણે નોંધ પડાવી શકે નહીં પરંતુ જયારે પ્રતિવાદીઓએ કબજો કરેલ ત્યારે વાદિ ચોક્કસ પણે તકરાર ઉઠાવી શકેલ હોત જયારે વાદિએ આવી કોઇ તકરાર ઉઠાવેલ હોય તેવું પણ વાદિનું કથન નથી અને વાદિનું પાતાનું સ્પષ્ટપણેનું કથન જોતા તેઓએ કબજાની માંગણી સને–૨૦૧૩ સાલમાં કરેલ છે.જે જોતા વિલ કરનાર ગુજરી ગયા આશરે ૩૮ વર્ષ પછી વાદિએ પ્રતિવાદિઓ પાસે દાવાવાળી જમીનનો કબજો માંગેલ હોય તેવું જણાય આવે છે.તેવા સંજોગો જોતા વાદિએ રજુ કરેલ વિલ હાલના તબક્કે માનવા લાયક જણાતું નથી અને રેવન્યુ રેકર્ડ જોતા સ્પષ્ટપણે પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતના માલિક હોય તેવું જણાય આવે છે અને વાદિએ પોતાના કથનમાં પ્રતિવાદિઓનો કબજો હોય તેવું જણાય આવે છે.તેવા સંજોગોમાં વાદિનો પ્રથમ

દર્શનીય કેસ જણાતો નથી અને પ્રથમ દર્શનીય કેસ નથી ત્યારે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોશનો મુદ્દો વાદીની તરફેમાં હોવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી.તેવા સંજોગોમાં મુદ્દા નંબર–૧ થી ૩ વાદિના તર્ફેણમાં હોય જણાતું નથી તેથી મુદ્દા નંબર–૧ થી ૩ નો જવાબ હુ નકારમાં આપું છું જયારે મુદ્દા નંબર–૪ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું

**//હુકમ//**

(૦૧)..વાદીની હાલની કામચલાઉ મનાઇ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૦૨)..આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોક્ત હુકમ આજ રોજ તારીખ–૨૧મી–માહે–સપ્ટેમ્બર–સને–૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કરવામાં

તારીખ:–૨૧–૦૯–૨૦૧૫
મુકામ:–આમોદ

(અરાફત એ.વાયડા)
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
આમોદ
કોડ નંબર–જીજે–૦૦૯૮૬